Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# સિન્ડિકેટની સામાન્ય સભા

## : નોટિસ :

સિન્ડિકેટની સામાન્ય સભા શુક્રવાર, તા.૦૯–૦૭–૨૦૨૧ના રોજ બપોરેઃ૧૨–૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં મળશે, જેમાં હાજર રહેવાની અનુકૂળતા કરવા વિનંતી છે.

## : કાર્યસૂચિ :

૧. સિન્ડિકેટની તા.૨૪–૦૬–૨૦૨૧ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

**(નોંધઃ** પ્રસ્તુત કાર્યવાહી તા.૨૪–૦૬–૨૦૨૧, ક્રમાંકઃએસ–૧(૧)/૮૭૫૭/૨૦૨૧થી મોકલવામાં આવેલ છે.**)**

૨. સિન્ડિકેટની તા.૩૦–૦૬–૨૦૨૧ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

**(નોંધઃ** પ્રસ્તુત કાર્યવાહી તા.૩૦–૦૬–૨૦૨૧,ક્રમાંકઃએસ–૧(૧)/૯૧૯૦/૨૦૨૧થી મોકલવામાં આવેલ છે.**)**

૩. યુનિવર્સિટીની પરીક્ષામાં વપરાતી ઉત્તરવહી ઉપર ચોંટાડવા માટેનું વિષય કોડ, વિદ્યાર્થીનો સીટ નંબર તેમજ પરીક્ષાની તારીખ દર્શાવતુ સ્ટીકર પ્રશ્નપત્રની બેગમાં સાથે મુકવાની નવી વ્યવસ્થા ગોઠવવા અંગે નીચેનાં મુદાઓ ધ્યાને લેવા વિનંતી.

મુદા નં.૧. પરીક્ષાનાં પ્રશ્નપત્રો લાખોની સંખ્યામાં છપાવવામાં આવે છે તેથી પ્રશ્નપત્ર છાપકામની સંખ્યા ઓછામાં ઓછા ૩૦ દિવસ અગાઉ આપવી પડતી હોય છે પરીક્ષાનાં ફોર્મ ભરવાની અંતિમ તારીખ પૂર્ણ થયા બાદ પ્રશ્નપત્રની છાપકામની સંખ્યા આપવામાં આવે છે ઉપરોક્ત નવી વ્યવસ્થા ગોઠવવા માટે પરીક્ષાનાં ફોર્મ ભરવાની અંતિમ તારીખ પૂર્ણ થયા બાદ ત્રણ થી ચાર દિવસમાં પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની નામાવલી (કેન્ડિડેટ લીસ્ટ) તૈયાર થવી અત્યંત આવશ્યક છે જેથી પ્રશ્નપત્રનાં છાપકામની સંખ્યાની સાથે પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની નામાવલી મોકલી શકાય (નોંધઃ–ઘણા કેન્ડિડેટ લીસ્ટ પરીક્ષાનાં ચાર પાંચ દિવસ અગાઉ તૈયારા થતા હોય છે)અને તે મુજબનાં પરીક્ષાનાં કેન્દ્ર માટેનાં સ્ટીકર પ્રશ્નપત્રનાં પેકેટમાં મુકી શકાય પરંતુ જો પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની નામાવલી મોડી તૈયાર થાય તો સ્ટીકર પ્રશ્નપત્રનાં પેકેટમાં પરીક્ષાનાં કેન્દ્રો મુજબ મુકવાના હોવાથી પ્રશ્નપત્રનું છાપકામ સમયસર થવામાં મુશ્કેલી ઉભી થઈ શકે તેમ છે આવા સંજોગોમાં પ્રશ્નપત્રો છાપકામ કરીને યુનિવર્સિટીને સમયસર ન મળતા પ્રશ્નપત્રો પરીક્ષાનાં દિવસે પરીક્ષા કેન્દ્રો ઉપર પહોંચાડવામાં આવે તો વિવિધ પ્રકારની મુશ્કેલી સર્જાય શકે છે તેમજ સતત વાહનો દોડાવાને કારણે યુનિવર્સિટીનો વાહન ખર્ચમાં વધારો થઈ શકે છે.

મુદાનં.૨. પરીક્ષામાં બેસનારવિદ્યાર્થીઓની નામાવલીમાં કોઈ પણ પ્રકારની ભુલ હોય અથવા અન્ય કોઈ ફેરફારા હોય તો પ્રશ્નપત્રનાં રી–પ્રિન્ટ અથવા પ્રશ્નપત્રો વધુ છપાઈ જવાની શકયતા રહેલી છે.

મુદાનં.૩ પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની નામાવલી કોઈ પણ સંજોગોમાં સમયસર તૈયાર ન થાય તો પ્રશ્નપત્રની કામગીરી સમય મર્યાદામાં કરવાની હોવાથી કામગીરીમાં ક્ષતી શરતચૂક થવાની સંભાવનાઓ છે.

મુદા નં.૪ સ્ટીકર પર તારીખ દર્શાવવામાં આવેલ છે ઘણીવાર પરીક્ષાના સમય પત્રક પરીક્ષા શરૂ થવાના અઠવાડિયા પહેલા મળે છે અને વારંવાર સમય પત્રક રિવાઈઝ રિ–રિવાઈઝ થતા હોય જેથી કરીને પરીક્ષાના પેપર વિભાગની ત્વરિતની કામગીરી હોવાથી ભૂલ (ક્ષતિ) થવાની શકયતા રહેલી છે.

**સદર બાબતને એકેડેમીક કાઉન્સીલમાં રજુ કરવામાં આવી હતી જે અંગે તા. ૨૫/૨૬–૦૬/૨૦૨૧નાં રોજ મળેલ એકેડેમી કાઉન્સીલ સભા દ્વારા બાબત. ક્રમાંક : ૭૫ પર નીચે મુજબનો ઠરાવ કરેલ છે.**

ઠરાવ નં (૭૫) ઉત્તરવહી ઉપર ચોંટાડવા માટેનું વિષય કોડ,વિદ્યાર્થીઓનો સીટ નંબર તેમજ પરીક્ષાની તારીખ દર્શાવતુ સ્ટીકર પ્રશ્નપત્રની બેગમાં સાથે મુકવાની નવી વ્યવસ્થા ગોઠવવા અંગે સૈધ્ધાંતિક સ્વીકાર કરી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટ સભાને ભલામણ કરવામાં આવે છે.

**જે બાબતને સિન્ડિકેટમાં રજુ કરી તે અંગે જરૂરી ચર્ચા વિચારણા અર્થે.**

(પરીક્ષા(પેપર બ્રાન્ચ))

**૪.** જય ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત જી. એન. પંડયા કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, ભેસ્તાન, સુરતના કાયમી આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રૂપેશ એન. દવેના છુટા કર્યા સામે વળતર (Compensation) અને અન્ય કોલેજમાં સમાવી લેવાની રજુઆત સંદર્ભે સિન્ડિકેટની તા.૨૭/૦૫/૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૮ અન્વયે નિયૂકત સમિતિના તા.૧૯/૦૬/૨૦૨૧નાં અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૦૧)
(સિન્ડિકેટ)

**૫.** યુનિવર્સિટી સંલગ્ન કોલેજના માન્યતા પ્રાપ્ત શિક્ષકની કોલેજ બંધ થતા યુનિવર્સિટીના O.66 (3) (2) In case he/she cannot be accommodated by the same management, he/she may be given priority in appointment by other colleges/ institution affiliated with the Veer Narmad South Gujarat University. (The University shall make specific rules for such preferential absorption of teachers.) preferential absorption of teachers સંદર્ભે નિતિ – નિયમ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૦૨)
(સિન્ડિકેટ)

૬. વનિતા વિશ્રામ, સુરતના ચેરમેનશ્રીએ તેમના તા.૮–૦૬–૨૦૨૧ના પત્ર ક્રમાંકઃ ૨૦૨૧–૨૨/ VVWU/226 થી તેઓની સંસ્થામા ચાલતા નીચેના અભ્યાસક્રમોનું જોડાણ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે થયેલ હોઈ, તેઓને ગુજરાત સરકારશ્રી તરફથી ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટી એકટ નંબર ૮ વર્ષ ૨૦૦૯ મુજબ " વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટી " તરીકે મંજૂરી આપવામાં આવેલ હોઈ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી પ્રથમ વર્ષનું જોડાણ રદ કરવા તેમજ એડમીશન પ્રક્રિયા ન કરવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| **SHETH P.T. MAHILA COLLEGE OF ARTS & HOME SCIENCE** | | |
|---|---|---|
| Sr. No. | Name of the Faculty | Name of the Course |
| 1. | Arts | B.A. Gujarati<br>B.A. Hindi<br>B.A. English<br>B.A. Psychology |
| 2. | Science – Home Science | B.Sc. General Home Science<br>B.Sc. Food Science & Nutrition<br>B.Sc. Fashion Designing<br>P.G. Diploma in Dietetics |
| 3. | Science | B.Sc. Chemistry<br>B.Sc. Microbiology |
| 4. | Bachelor of Vocation | B.Voc. Fashion Designing<br>B.Voc. Interior Design<br>B.Voc. Event Management |
| **SHETH P.T. MAHILA COLLEGE OF ARTS & HOME SCIENCE** | | |
| 5. | Commerce | Bachelor of Commerce (B.Com.)<br>Master of Commerce (M.Com.) |
| 6. | Management | Bachelor of Business Administration (B.B.A.) |

**(નોંધ:** (૧) સિન્ડિકેટની તા.૮–૧૨–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૪) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વનિતા વિશ્રામ, અઠવાલાઈન્સ, સુરતના ચેરમેનશ્રીએ તેમના તા. ૨૧–૧૦–૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ 2020-21/NOC/1357 થી તેઓએ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટી એકટ, ૨૦૦૯ હેઠળ ગુજરાતની પ્રથમ મહિલા ખાનગી યુનિવર્સિટી(સૂચિત) સ્થાપવાની પ્રક્રિયા શરૂ કરેલ હોઈ, આ અંગે યુનિવર્સિટી સંલગ્ન ઉપરોકત જણાવેલ કોલેજ અને સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમો માટે " No Objection Certificate " (ના વાંધા પ્રમાણ પત્ર) આપવા કરેલ વિનંતીનો સ્વીકારી કરી " ના વાંધા પ્રમાણપત્ર" આપવું.**

(૨) સિન્ડિકટના ઉપરોકત ઠરાવ અંતર્ગત યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૯–૧૨–૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ(એસ.એ)(વનિતાવિશ્રામ)**( NOC) (૨૦)/૧૨૬૫૩ થી N. O. C.** આપવામાં આવેલ છે.

(૩) સંસ્થાનો પત્ર આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(બિડાણ : ૦૩ )
(સિન્ડિકેટ)

**૭.** યુનિવર્સિટી સંલગ્ન વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, વનિતા વિશ્રામ કેમ્પસ, સુરતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૧–૧૦–૨૦૧૭નો પત્ર ક્રમાંકઃએસ.એ. (વનિતા–૩૭૬) (કોમર્સ) (૧૭) /૨૧૨૭૮ થી તા.૧૫–૬–૨૦૧૭ થી ત્રીજા વર્ષ સ્વનિર્ભર બી.કોમ.અભ્યાસક્રમનું ક્રમશઃ વધારાનું (કાયમી) જોડાણ આપતું જાહેરનામું બહાર પાડવા ભલામણ કરવમાં આવી હતી. પરંતુ શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૪–૫–૨૦૧૮ના પત્ર ક્રમાંક :દગજ/૨૦૧૬/૬૯/ખ.૧ થી પ્રસિધ્ધ થયેલ જાહેરનામામાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ.નું ત્રીજા વર્ષનું ક્રમશઃ વધારાનું જોડાણ તા.૧૫–૬–૨૦૧૭થી તા.૧૪–૬–૨૦૧૮ સુધીનું એક વર્ષ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૧૭–૫–૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૬/૬૯/ખ.૧થી નવું ક્રમશઃ કાયમી જોડાણ (તા.૧૫–૬–૨૦૧૫ થી તા.૧૪– ૬–૨૦૧૬) તથા ક્રમશઃવધારાનું કાયમી જોડાણ (તા.૧૫–૬–૨૦૧૬ થી તા.૧૪– ૬–૨૦૧૭) (નકલ આ સાથે સામેલ છે) તા. ૯–૭–૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૬/ ૬૯/ખ.૧ થી આપે ૧૫–૬–૨૦૧૭ થી કાયમી જોડાણ મંજુર કરવાનું રહેતું હોઈ, યુનિવર્સિટીની સિન્ડિકેટના ઠરાવ સહિત દરખાસ્ત કરવા માટે જણાવેલ હોઈ, શિક્ષણ વિભાગ તરફથી સદર કોલેજનું જેમ પ્રથમ અને બીજા વર્ષનું ક્રમશઃ વધારાના વર્ષનું કાયમી જોડાણ આપતું જાહેરનામું બહાર પાડવામાં આવેલ હોઈ, તેવી જ રીતે સદર કોલેજનું ત્રીજા વર્ષ બી.કોમ.નું ક્રમશઃ વધારાનું ૧૫–૬–૨૦૧૭ થી કાયમી જોડાણ આપતું જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરવામાં આવેલ પરંતુ ત્યારબાદ તા.૧૫– ૬– ૨૦૧૮ થી કાયમી જોડાણ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા સિન્ડિકેટના ઠરાવ સહિત યુનિવર્સિટીએ નવેસરથી દરખાસ્ત રજૂ કરવા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સેકશન અધિકારીશ્રીઓ તેમના તા.૦૪–૦૧–૨૦૧૯ના પત્રાંક દગજ/૨૦૧૬/૬૯/ખ.૧ તથા સદર કોલેજના આચાર્યશ્રીના તા.૨૨–૧–૨૦૧૯ ના પત્ર ક્રમાંકઃ ૨૦૧૮–૨૦૧૯/ એફી.બી.કોમ. ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ** :(૧) સિન્ડિકેટની તા.૨૧–૯–૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંક : (૪૯) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Withdraw કરવામાં આવે છે.**

(૨) સિન્ડિકેટની તા.૮–૧૨–૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંક : (૧૩) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત આગામી સિન્ડિકેટ સભા સમક્ષ રજૂ કરવી.**

(૩) સંસ્થાનો તથા રાજ્ય સરકારના પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(બિડાણ : ૦૪ )

(સિન્ડિકેટ)

૮. તબીબી અધિક્ષકશ્રી, નવી સિવીલ હોસ્પિટલ સુરતના તા. ૪–૬–૨૦૨૧ના પત્ર ક્રમાંક : નસિહોસુ / કોવિડ–૧૯/૧૮૯૦૧/૨૦૨૧ના પત્રથી હાલમાં Fellowship in Fetal Medicine અને Fellowship in Basic Fetal Medicine & Advanced Obstetric Ultrasonography કોર્ષ ચાલુ હોય ઓબ્સ એન્ડ ગાયનેકોલોજી વિભાગમાંથી જેમણે ડીગ્રી અથવા ડિપ્લોમાંની પદવી એનાયત થયેલ હોય તે વિધાર્થીઓને Fetal Medicine માં પીએચ. ડી. સંશોધન અભ્યાસની તક મળે તે હેતુથી શરૂ કરવાની દરખાસ્ત સંબધકર્તા વિભાગના વડાશ્રી અને બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રીની ભલામણ સાથે મળેલ છે. જે ભલામણ સંદર્ભમાં માન.કુલપતિશ્રીના આદેશ મુજબ તબીબી વિધાશાખાના સિનિયર સભ્યાશ્રીનો અભિપ્રાય મેળવતા તેમના દ્વારા નીચે મુજબની ભલામણ કરેલ છે. અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૦–૬–૨૦૨૧ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૯) અન્વયે તબીબી વિધાશાખા અંતર્ગત Fetal Medicineમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસ શરૂ કરવાની ભલામણનો સ્વીકાર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે, જે ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૨૬–૬–૨૦૨૧ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૩) થી મંજૂર કરી સિન્ડીકેટને ભલામણ કરેલ છે, જે પર વિચારણા કરવા બાબત.

<u>વિધાશાખાના સિનિયર સભ્ય ર્ડા. કે. એન. ભટ્ટનો અભિપ્રાય :</u>

Fetal Medicine માં પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં ઓબ્સ. એન્ડ ગાયનેક અથવા રેડીયોલોજી અનુસ્નાતક અભ્યાસ અને Fetal Medicine fellowship અથવા Fetal Medicine certificate course કરનારને પ્રાધાન્ય આપવા સાથે Ph. D. સંશોધન અભ્યાસ શરૂ કરવા ભલામણ છે.

**અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૧૦–૬–૨૦૨૧, ઠરાવ ક્રમાંક (૧૯)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખામાં Fetal Medicine માં પીએચ.ડી. સંશોધન અભ્યાસ શરૂ કરવાની દરખાસ્ત સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

**એકેડેમિક કાઉન્સિલ તા. ૨૫–૨૬/૬/૨૦૨૧ ઠરાવ ક્રમાંક (૧૩)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ (બી. યુ. ટી.) એ તેની તા. ૧૦–૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૯) અન્વયે ભલામણ કરેલ તબીબી વિધાશાખામાં Fetal Medicine માં પીએચ.ડી. સંશોધન અભ્યાસ શરૂ કરવાની દરખાસ્ત સ્વીકારી તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(બિડાણ: ૦૫ )
(અનુસ્નાતક)

૯. કોમર્સ ડીપાર્ટમેન્ટના કો–ઓર્ડીનેટરશ્રીના તા.૧૧/૦૬/૨૦૨૧ના રોજના પત્રાંકઃકોમર્સ/૨૬૫૪/૨૦૨૧થી કોમર્સ ડીપાર્ટમેન્ટ ખાતે હાલ અંગ્રેજી માધ્યમનું ડિવિઝન (બપોરના સમયે) કાર્યરત છે. પરંતુ વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કરતાં એમ.કોમ. નો સમય સવાર **(સવારે ૭ઃ૩૦ થી બપોરે ૧ઃ૩૦) નો કરવા સાથે વધારાનું અંગ્રેજી માધ્યમનું ડિવિઝન** (૭૦ બેઠકો) (બહેનો માટે) અને એક ગુજરાતી માધ્યમનું ડિવિઝન (૭૦ બેઠકો) (બહેનો માટે) કોમર્સ વિભાગ ખાતે ચાલુ કરવાની મંજૂરી આપવાની કરેલ વિનંતીને અનુસ્નાતક શિક્ષણ મંડળની સભા વતી સ્વીકારી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાની બાબત ક્રમાંકઃ (૪૯) થી સિન્ડિકેટને કરેલ છે, જે પર વિચારણા કરવા બાબત.

**(નોંધઃ** પ્રસ્તુત બાબતે જણાવવાનું કે, હાલ કોમર્સ ડિપાર્ટમેન્ટ ખાતે (૮૮) સ્વનિર્ભર બેઠકોનો અંગ્રેજી માધ્યમનો એક ડિવિઝન ચાલે છે.)

**<u>એકેડેમિક કાઉન્સિલની સભા તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાની બાબત ક્રમાંકઃ (૪૯)</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એમ.કોમ.નો સમય સવાર (સવારે ૭ઃ૩૦ થી બપોરે ૧ઃ૩૦) નો કરવા સાથે વધારાનું અંગ્રેજી માધ્યમનું ડિવિઝન (૭૦ બેઠકો) (બહેનો માટે) અને એક ગુજરાતી માધ્યમનું ડિવિઝન (૭૦ બેઠકો) (બહનો માટે કોમર્સ વિભાગ ખાતે ચાલુ કરવાની મંજૂરી આપવા કોમર્સ ડીપાર્ટમેન્ટની એકઝીકયુટીવ કાઉન્સિલ દ્વારા કરવામાં આવેલ વિનંતી ગ્રાહ્ય રાખી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**વધુમાં પ્રસ્તુત અભ્યાસક્રમને ઉચ્ચ શૈક્ષણિક ક્ષિતિજ પર લઈ જવા માટે સત્વરે શિક્ષકોની નિયમોનુસાર નિમણૂંક કરવી.**

(બિડાણ: ૦૬)

(અનુસ્નાતક)

૧૦. યુનિવર્સિટી બાયોસાયન્સ વિભાગના વિભાગીય વડાશ્રી દ્વારા તેમના તા. ૧૬–૦૬–૨૦૨૧ના પત્રાંકઃ બાયોસાયન્સીસ/ ૨૮૧૧/ ૨૦૨૧ થી **M.Sc. Botany** નો કોર્ષ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની એફીલીએટ કોલેજોમાં ચાલુ જ હોય તો એ મુજબ લાયકાત, અભ્યાસક્રમ અને પરીક્ષા વગેરેનું માળખું યુનિવર્સિટીના નિયમ મુજબ અનુસરવામાં આવે તો આ સંદર્ભ બાયોસાયન્સીસ વિભાગ ખાતે સ્વનિર્ભર ધોરણે ૨૫ વિદ્યાર્થીઓ માટે **M.Sc. Botany** નો કોર્ષ શરૂ કરવા અને કોર્ષની ફી આશરે રૂા. ૪૩૮૭૦/– પ્રતિ વર્ષ (૨૦૨૧–૨૦૨૨) નિયત કરવા સારું કોર્ષનું અંદાજપત્ર (**Budget**) તેમના પત્ર સાથે રજૂ કરેલ છે. જે અવલોકને લઈ યુનિવર્સિટી બાયોસાયન્સ વિભાગમાં **M.Sc. Botany** સ્વનિર્ભર અભ્યાસક્રમ ૨૫ બેઠકો સાથે રૂા. ૪૩૮૭૦/– વાર્ષિક ફી સાથે શરૂ કરવા અંગેની વિભાગીય વડાશ્રીની વિનંતીને એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાની બાબત ક્રમાંકઃ (૪૭) થી સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરેલ છે, જે પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની સભા તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાની બાબત ક્રમાંકઃ (૪૭)</u>**

:: **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની એફીલીએટ કોલેજોમાં ચાલુ હોય એ મુજબ લાયકાત, અભ્યાસક્રમ અને પરીક્ષા વગેરેનું માળખું યુનિવર્સિટીના નિયમ મુજબ અનુસરી યુનિવર્સિટી બાયોસાયન્સ વિભાગમાં M.SC. Botany સ્વનિર્ભર અભ્યાસક્રમ ૨૫ બેઠકો સાથે રૂા. ૪૩૮૭૦/– વાર્ષિક ફી સાથે શરૂ કરવા યુનિવર્સિટી બાયોસાયન્સ વિભાગના વિભાગીય વડાશ્રીએ કરેલ ભલામણ સ્વીકારી તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(બિડાણ: ૦૭)

(અનુસ્નાતક)

૧૧. યુનિવર્સિટી બાયોસાયન્સ વિભાગના વિભાગીય વડાશ્રી દ્વારા તા.૧૬–૦૬–૨૦૨૧ના પત્રાંકઃ બાયોસાયન્સીસ/ ૨૮૧૩/ ૨૦૨૧ થી **M.Sc. Zoology** નો કોર્ષ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની એફીલીએટ કોલેજોમાં ચાલુ જ હોય તો એ મુજબ લાયકાત, અભ્યાસક્રમ અને પરીક્ષા વગેરેનું માળખું યુનિવર્સિટીના નિયમ મુજબ અનુસરવામાં આવે તો આ સંદર્ભ બાયોસાયન્સીસ વિભાગ ખાતે સ્વનિર્ભર ધોરણે ૨૫ વિદ્યાર્થીઓ માટે **M.Sc. Zoology** નો કોર્ષ શરૂ કરવા અને કોર્ષની ફી આશરે રૂા. ૪૩૮૭૦/– પ્રતિ વર્ષ (૨૦૨૧–૨૦૨૨) નિયત કરવા સારું કોર્ષનું અંદાજપત્ર (**Budget**) તેમના પત્રના બિડાણ સાથે રજૂ કરેલ છે. જે અવલોકને લઈ યુનિવર્સિટી બાયોસાયન્સ વિભાગમાં **M.SC. Zoology** સ્વનિર્ભર અભ્યાસક્રમ ૨૫ ૨૫ બેઠકો સાથે રૂા. ૪૩૮૭૦/– વાર્ષિક ફી સાથે શરૂ કરવા અંગેની વિભાગીય વડાશ્રીની વિનંતીને એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાની બાબત ક્રમાંકઃ (૪૮) થી સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરેલ છે, જે પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની સભા તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાની બાબત ક્રમાંકઃ (૪૮)</u>**

:: **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની એફીલીએટ કોલેજોમાં ચાલુ હોય એ મુજબ લાયકાત, અભ્યાસક્રમ અને પરીક્ષા વગેરેનું માળખું યુનિવર્સિટીના નિયમ મુજબ અનુસરી યુનિવર્સિટી બાયોસાયન્સ વિભાગમાં M.SC. Zoology સ્વનિર્ભર અભ્યાસક્રમ ૨૫ બેઠકો સાથે રૂા. ૪૩૮૭૦/– વાર્ષિક ફી સાથે શરૂ કરવા યુનિવર્સિટી બાયોસાયન્સ વિભાગના વિભાગીય વડાશ્રીએ કરેલ ભલામણ સ્વીકારી તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(બિડાણ: ૦૮)
(અનુસ્નાતક)

૧૨. યુસીક વિભાગના ઈ.ચા. હેડ અને કોર્સ કોર્ડિનેટરશ્રીના તા.૦૪/૦૬/૨૦૨૧ના પત્રાંકઃ USIC/2682 થી વિભાગમાં ચાલતા (1) MSC.(TECH) IN INSTRUMENTATION તથા (2) POST GRADUATE DIPLOMA IN INSTRUMENTATION અભ્યાસમાં છેલ્લા પાંચ વર્ષના પ્રવેશના આંકડા અવલોકને લેતાં, વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યાને કારણે આર્થિક રીતે પરવડે તેમ ન હોવાથી સદર અભ્યાસક્રમો આગામી શૈક્ષણિક વર્ષથી **ચાલુ રાખવા, સ્થગિત રાખવા કે બંધ કરવા** યોગ્ય નિર્ણય લઈ કાર્યવાહી કરવાની કરેલ વિનંતીને એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાની બાબત ક્રમાંકઃ (૫૦) થી સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરેલ છે, જે પર વિચારણા કરવા બાબત.

| YEAR | MSC (TEHC) IN INSTRUMENTATION | | | PGDI | |
|---|---|---|---|---|---|
| | INTAKE | ADMITTED | | INTAKE | ADMITTED |
| | | 1ST YEAR | 2ND YEAR | | |
| 2016-17 | 30 | 13 | 04 | 30 | 0 |
| 2017-18 | 30 | 05 | 12 | 30 | 0 |
| 2018-19 | 30 | 06 | 05 | 30 | 0 |
| 2019-20 | 38 | 0 | 03 | 38 | 0 |
| 2020-21 | 38 | 0 | 00 | 38 | 0 |

**<u>એકેડેમિક કાઉન્સિલની સભા તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાની બાબત ક્રમાંકઃ (૫૦)</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર અભ્યાસક્રમો આગામી શૈક્ષણિક વર્ષથી સ્થગિત રાખવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(બિડાણ: ૦૯)
(અનુસ્નાતક)

૧૩. યુનિવર્સિટીના વિવિધવિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોની **ICCR** મારફતે આવતા **Foreign Students**ની સીટો માટે નીતી નકકી કરવા અંગે એકેડેમિકકાઉન્સિલે તેની તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૯ અન્વયે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**નોંધ :– સિન્ડિકેટ તા. ૨૨/૦૭/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક : ૨૨ થી અનુસ્નાતક કક્ષાએ કુલ બેઠકના ૧૫% સુપરન્યુમરી સીટો નિર્ધારિત કરેલ છે.**

**<u>એકેડેમિકકાઉન્સિલની તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાની ભલામણ ક્રમાંક : ૬૯</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિવિધવિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોની ICCR મારફતે આવતા Foreign Studentsની સીટો માટે ૧૫% સુપરન્યુમરી સીટો રાખવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(એકેડેમિક)

૧૪. યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોની Foreign Students માટેની સીટો માટે નીતી નકકી કરવા અંગે એકેડેમિકકાઉન્સિલે તેની તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : ૭૦ અન્વયે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિકકાઉન્સિલની તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાની ભલામણ ક્રમાંક : ૭૦</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિવિધવિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોની Foreign Studentsની સીટો માટે ૧૫% સુપરન્યુમરી સીટો રાખવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(એકેડેમિક)

૧૫. યુનિવર્સિટીના Student startup & Innovation policy (SSIP) ફંડ હેઠળ મળેલ Innovation/Startup/ PoC/ prototypes ગ્રાંન્ટ માંથી વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ માટે સહાય કરવાના ઉદ્દેશ્યથી ઓનલાઈન અરજી મંગાવવામાં આવેલ હતી. જેમાં યુનિવર્સિટી કાર્યાલયને મળેલ કુલ ૫૬ અરજીઓનું સ્ક્રીનીગ માટે તા.૨૨ માર્ચ ૨૦૨૧ ના રોજ મળેલ Institute Level SSIP Scrutiny Committee ના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૧૦)

(SSIP)

**૧૬. તા.૦૧/૦૭/૨૦૨૧ના રોજ મળેલ ફી નિર્ધારણ કમિટિની (F.R.C.)ના સૂચન મુજબ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ફી નિર્ધારણ કમિટિ (F.R.C.) માં સમાવવા અંગે વિચારણા કરવા બાબત.**

**<u>સિન્ડિકેટની તા.૨૭/૦૫/૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક : ૫</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૨/૦૩/૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક : ૪૪થી કરેલ ઉપરોકત ભલામણ સંદર્ભે દરેક ફેકલ્ટી માટે યુનિવર્સિટી પરીસર ખાતે ચાલતા તમામ સ્વનિર્ભર પ્રોગ્રામ સિવાયના સંલગ્ન કોલેજોમાં ચાલતા જે તે ફેકલ્ટીના સ્વનિર્ભર પ્રોગ્રામો માટે ફી નિર્ધારણ સમિતિનું બંધારણ નીચે મુજબનું રહેશે.

(૧) માનનીય કુલપતિશ્રી
(૨) જે તે ફેકલ્ટીના ડીનશ્રી
(૩) સિન્ડિકેટ નિયુકત એક સિન્ડિકેટ સભ્યશ્રી
(૪) જે તે ફેકલ્ટી પસંદ કરી હોય તેવા સિન્ડિકેટ નિયુકત એક આચાર્યશ્રી/અનુસ્નાતક વિભાગના વડાશ્રી
(૫) જે તે ફેકલ્ટીના શિક્ષકોના ચૂંટાયેલા પૈકીના સિન્ડિકેટ નિયુકત એક પ્રતિનિધિ
(૬) જે તે ફેકલ્ટીના વિદ્યાર્થીઓના ચૂંટાયેલા એક પ્રતિનિધિ
(૭) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના સંચાલક મંડળોના પ્રતિનિધિ પૈકીના માનનીય કુલપતિશ્રી નિયુકત એક પ્રતિનિધિ
(૮) માનનીય કુલપતિશ્રી નિયુકત એક આર્કિટેકટ સભ્યશ્રી

શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે ઉપરોકત સમિતિ પૈકીના સિન્ડિકેટ દ્વારા નિયુકત કરવાના થતા અને અન્ય સભ્યોની સિન્ડિકેટ વતી નિયુકિત માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

(એકેડેમિક)

૧૭. M.R.S. ના સેમે. ૧ થી ૪ નો અભ્યાસક્રમ અંગે ચર્ચા કરતા બોર્ડ દ્વારા નિમાયેલ પેટાસમિતિએ તૈયાર કરેલ નવું માળખું અને વિવિધવિષયોના નવા/સુધારેલા અભ્યાસક્રમો ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસ સમિતિ તથા ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની સંયૂકત સભાની તા.૧૮–૦૩–૨૦૨૧નાં ઠરાવ ક્રમાંકઃ ૩ અન્વયે નીચે મુજબ બી.યુ.ટી.ને ભલામણ કરેલ, જે અંગે અનુસ્નાતક શિક્ષણ મંડળ (બી.યુ.ટી) એ તેની તા.૧૦/૦૬/૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક :૧૦ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરતા એકેડેમિક કાઉન્સિલની તા.૨૫–૨૬/૦૬/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૦૪ અન્વયે સિન્ડિકેટને ભલામણ કરેલ છે જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસસમિતિ તથા ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની સંયૂકત સભાની તા. ૧૮–૦૩–૨૦૨૧નાં ઠરાવ ક્રમાંકઃ ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, M.R.S. નવું ક્રેડિટ માળખું અને તેમાં સામેલ જુદા – જુદા વિષયોના અભ્યાસક્રમો સર્વાનુમતે મંજૂર કરવા બી.યુ.ટી.ને ભલામણ કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી લાગુ કરવા.

**<u>અનુસ્નાતક શિક્ષણ મંડળ તા.૧૦–૬–૨૦૨૧ ઠરાવ ક્રમાંક (૧૦)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રામ અભ્યાસ વિષયની અભ્યાસ સમિતિ તથા ગ્રામ અભ્યાસ વિદ્યાશાખાની સંયૂકત સભાની તા.૧૮–૩–૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ(૩) થી કરેલ ભલામણ મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૫–૨૬/૦૬/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૦૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસસમિતિ તથા ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની સંયુકત સભાની તા.૧૮/૦૩/૨૦૨૧ની સભાની ભલામણ ક્રમાંકઃ૩ અને અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૧૦/૦૬/૨૦૨૧ની સભાની ભલામણ ક્રમાંકઃ ૧૦ અન્વયે સ્વીકારેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી અમલમાં આવનાર જુદા જુદા વિષયોના અભ્યાસક્રમો મંજૂર કરવામાં આવે છે તેમજ M.R.S. ના નવા અમલમાં આવનાર અભ્યાસક્રમના ક્રેડિટ માળખાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(બિડાણ : ૧૧ )
(એકેડેમિક)

૧૮. PG DMLT Course માં B.Sc. Environmental Science વિષયની એલીજીબીલટી અંગે ચર્ચા કરતા મેડીકલ ટેકનોલોજી વિષયની અભ્યાસસમિતિની તા.૦૫/૧૧/૨૦૨૦ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૭/૦૬/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧૦ અન્વયે મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૫–૨૬/૦૬/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨૪ અન્વયે નીચે મુજબ ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>મેડીકલ ટેકનોલોજી વિષયની અભ્યાસસમિતિની તા.૦૫/૧૧/૨૦૨૦ ની સભાનાં ભલામણ ક્રમાંકઃ ૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, PGDMLT Courseમાં B.Sc.Environmental Science વિષયની એલીજીબીલટી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી અમલમાં આવનાર નીચે મુજબ છે. જે સર્વાનુમતે મંજૂર કરી વિજ્ઞાન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

**<u>Eligibility:-</u>**

Candidate should have a B.Sc. degree of Veer Narmad South Gujarat University, Surat with (A) or (B) or equivalent qualification of other recognized University.

(A) Microbiology, Chemistry (Biology at F.Y. B.Sc. level), Botany, Zoology, Medical Technology, MLT, Environment , Biochemistry, Biosciences, Life sciences or Biotechnology as the principal subjects.

OR

(B) M.B.B.S, BDS,BAMS, BHMS, B.Sc. Nursing, B.Sc. Optometry,B.Pharmacy, B.Physiotherapy.

**<u>વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૭/૦૬/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, મેડીકલ ટેકનોલોજી વિષયની અભ્યાસસમિતિની તા.૦૫/૧૧/ ૨૦૨૦ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪ અન્વયે મંજૂર કરેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી અમલમાં આવનારPG DMLT Courseમાં B.Sc.Environmental Science વિષયની ઉપર મુજબની એલીજીબીલટી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૫–૨૬/૦૬/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, મેડીકલ ટેકનોલોજી વિષયની અભ્યાસસમિતિએ તેની તા.૦૫/૧૧/૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪ અન્વયે ભલામણ કરેલ અને વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા.૧૭/૦૬/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૧૦ અન્વયે સ્વીકારેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી અમલમાં આવનાર PG DMLT Courseમાં B.Sc.Environmental Science વિષયની ઉપર મુજબની એલીજીબીલીટી સ્વીકારી તે અંગે સિન્ડિકેટને ભલામણકરવામાં આવે છે.

(એકેડેમિક)

૧૯. **એમ.એસ.ડબલ્યુ.(સ્વનિર્ભર) અભ્યાસક્રમના વિષયનો Ph.D ઓર્ડિનન્સમાં સમાવેશ કરવા તથા સોસિયલ વર્કની RAC ની રચના કરવા અંગે ચર્ચા કરતા MSW વિષયની નિયૂકત એડહોક સમિતિની તા.૦૬/૭/૨૦૧૯ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૫ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ જે વિનયન વિદ્યાશાખાની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૧ અન્વયે બી.યુ.ટી. ને ભલામણ કરેલ જે અંગે અનુસ્નાતક શિક્ષણ મંડળ (બી.યુ.ટી) એ તેની તા.૧૦/૦૬/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક :૩ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરતા એકેડેમિક કાઉન્સિલની તા.૨૫–૨૬/૦૬/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૦૨ અન્વયે સિન્ડિકેટને ભલામણ કરેલ છે જે ભલામણ પર વિચારણા કરવા બાબત.**

**<u>MSW વિષયની નિયૂકત એડહોક સમિતિની તા.૦૬/૦૭/૨૦૧૯ ની સભાની ભલામણ ક્રમાંકઃ ૫</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે,કમ્પરેટીવ લીટરેચરની નિયૂકત (એડહોક) બોર્ડની જેમ એમ.એસ.ડબલ્યુ.ની પણ RAC બનાવવા માટે તથા Ph.D ઓર્ડિનન્સમાં સમાવેશ કરવા ઘટતુ કરવા ભલામણ કરવામાં આવે છે. આમકરવા પાછળનો હેતુ એવો છે કે હાલમાં એમ.એસ.ડબલ્યુ. વિષયમાં જે વિદ્યાર્થીઓ Ph.D કરે છે તેમને યુનિવર્સિટી તરફથી Ph.D in Social work પ્રમાણે ડિગ્રી એનાયત કરવાને બદલે Ph.D in Sociology ડિગ્રી એનાયત કરવામાં આવે છે જે યોગ્ય ન હોવાની તે સુધારો કરવા એમ.એસ.ડબલ્યુની સ્વતંત્ર RAC બનાવાની જરૂરીયાત છે ત્યારબાદ Ph.D ઓર્ડિનન્સમાં સુધારો કરવા સમિતિ વિનયન વિદ્યાશાખાને ભલામણ કરે છે.

**<u>વિનયન વિદ્યાશાખાની તા.૮/૨/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧૧</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે બી.યુ.ટી. ને ભલામણ કરવામાં આવે છે.

**<u>અનુસ્નાતક શિક્ષણ મંડળ (બી.યુ.ટી) ની તા.૧૦/૦૬/૨૦૨૧ ની સભાની ભલામણ ક્રમાંક :૩</u>**

: : વિનયન વિદ્યાશાખાની તા.૦૮/૨/૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ ૧૧થી SOCIAL WORK વિષયની RAC નું ગઠન કરવા તથા Ph.D ઓર્ડીનન્સમાં આમેજ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સ્લિની તા.૨૫–૨૬/૦૬/૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૦૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ (બી.યુ.ટી.) ની તા.૧૦/૦૬/ ૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે કરેલ ભલામણ યથાવત્ સ્વીકારી આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(એકેડેમિક)

૨૦. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન **વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત (સૂચિત) વિદ્યાદીપ ઈન્સ્ટીટયુટ ઓફ સોશિયલસ્ટડી ની M.S.W.** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણ અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : (૦૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ NEED કમિટિની નિમણૂંક કરેલ હોય, સદર NEED કમિટિની સભા તા.૦૩–૦૭–૨૦૨૧ના રોજ બપોરે ૦૨: ૦૦ કલાકે યુનિવર્સિટી વહીવટી મકાનના સેનેટ હોલમાં મળેલ હોય, NEED કમિટિની સભા સમક્ષ સદર મંડળના પ્રતિનિધિ હાજર રહયા હતા. જે કમિટિએ નીચેની કોલેજ માટે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત...

| ક્રમ | કોલેજનું નામ | વિદ્યાશાખા | અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧. | વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત (સૂચિત) વિદ્યાદીપ ઈન્સ્ટીટયુટ ઓફ સોશિયલ સ્ટડી | આર્ટસ | M.S.W. (સ્વનિર્ભર) | નવું જોડાણ |

<u>**સમિતિની ભલામણ :**</u>

– **સંસ્થા પાસે પાંચ એકરથી વધુ જમીન ઉપલબ્ધ છે.**
– **સંસ્થા પાસે હોસ્ટેલની સુવિધા પણ ઉપલબ્ધ છે.**
– **સમિતિ ઉપરોકપ સંસ્થાને સદર અભ્યાસક્રમ માટે આગળની કાર્યવાહી માટે ભલામણ કરે છે.**

(નોંધ :**NEED** સમિતિના અહેવાલની નકલ આ સાથે સામેલ છે.)

(બિડાણ : ૧૨ )
(સિન્ડિકેટ)

૨૧. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન **વિદ્યાવિહાર કેળવણી મંડળ, પાલિતાણા સંચાલિત સ્વામી વિવેકાનંદ કોલેજ, રોણવેલ (વલસાડ) ની M.S.W.** અનુસ્નાતકસ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણ અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : (૦૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ NEED કમિટિની નિમણૂંક કરેલ હોય, સદર NEED કમિટિની સભા તા.૦૩–૦૭–૨૦૨૧ના રોજ બપોરે ૦૨: ૦૦ કલાકે યુનિવર્સિટી વહીવટી મકાનના સેનેટ હોલમાં મળેલ હોય, NEED કમિટિની સભા સમક્ષ સદર મંડળના પ્રતિનિધિ હાજર રહયા હતા. જે કમિટિએ નીચેની કોલેજ માટે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત...

| ક્રમ | કોલેજનું નામ | વિદ્યાશાખા | અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧. | વિદ્યાવિહાર કેળવણી મંડળ, પાલિતાણા સંચાલિત સ્વામી વિવેકાનંદ કોલેજ, રોણવેલ (વલસાડ)<br>ગાંધી વિદ્યાલયની સામે, નવેર રોડ, તા.રોણવેલ, જિ.વલસાડ. | આર્ટસ | M.S.W. (સ્વનિર્ભર) | નવું જોડાણ |

<u>**સમિતિની ભલામણ :**</u>

**સંસ્થા દ્વારા ૬.૧૯ એકર જમીનનું રજીસ્ટર્ડ લીઝ ડીડ અંગેનું પ્રમાણપત્ર રજૂ કરેલ હોય સમિતિ સ્થાનિક તપાસ સમિતિની ચકાસણીને આધીન આગળની ઘટતી કાર્યવાહી માટે ભલામણ કરે છે.**

(નોંધ :**NEED** સમિતિના અહેવાલની નકલ આ સાથે સામેલ છે.)

(બિડાણ : ૧૩ )
(સિન્ડિકેટ)

૨૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના Act 16(1) Class I - Ex - officio Members (A) (iii) The last Ex-Vice-Chancellor of the University residing in the State અને Act 16 (1) Class -I - Ex - officio Members (C) (ii) Principals of affiliated degree collegesની જોગવાઈ અન્વયે, નીચે મુજબના સેનેટ સભ્ય બનતા, Act 23 (1) માં દર્શાવ્યા મુજબની વિદ્યાશાખા એનાયત કરવાની હોય, જે સંદર્ભમાં તેમના દ્વારા નીચે મુજબની વિદ્યાશાખા એનાયત કરવા સંમતિ આપેલ છે. જે સંદર્ભે તેમને યુનિવર્સિટી એકટની કલમ 23 (2) (i) અન્વયે વિદ્યાશાખા એનાયત કરવા વિચારણા કરવા બાત.

| ક્રમ | સેનેટ સભ્યશ્રીઓના નામ | સરનામું | પસંદ કરેલ વિદ્યાશાખા |
|---|---|---|---|
| ૧. | ડૉ. શિવેન્દ્ર ગુપ્તા | ૩૦૩ – સોહમ એપાર્ટમેન્ટ, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, ઘોડ દોડ રોડ, સુરત – ૩૯૫ ૦૦૧. | આર્કિટેકચર એન્ડ ડિઝાઈન |
| ૨. | ડૉ. રાજેશભાઈ અમ્રતભાઈ પટેલ | સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સોનગઢ, જી.તાપી – ૩૯૪ ૬૭૦. | વિનયન |

નોંધ : વિદ્યાશાખા પસંદગીના ફોર્મની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.

(બિડાણઃ ૧૪ )

**(સિન્ડિકેટ)**

૨૩. યુનિવર્સિટી ખાતે અગાઉ સિન્ડિકેટની તા.૦૫–૦૩–૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૩ અનુસાર યુનિવર્સિટીના નિયામાનુસાર કાર્યવાહી કરી N.S.S. વિભાગ ખાતે ૧૧ માસ કરાર આધારીત આસીસ્ટન્ટ કો–ઓર્ડિનેટરની નિમણૂંક કરવામાં આવેલ હતી. હાલ N.S.S. વિભાગ ખાતે આસીસ્ટન્ટ કો–ઓર્ડિનેટર કાર્યરત નથી જે ધ્યાને લઈ પુનઃ આસીસ્ટન્ટ કો–ઓર્ડિનેટરની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત....

નોંધઃ (૧) સિન્ડિકેટની તા.૦૫–૦૩–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૩ અનુસાર આસીસ્ટન્ટ કો–ઓર્ડિનેટરની નિમણૂંક અંગે લાયકાત અનુસ્નાતક કક્ષાએ ૫૫ % અને પગાર ધોરણ પ્રતિમાસ રૂા.૨૦,૦૦૦/– નકકી કરવામાં આવેલ હતો .

(૨) કાર્યાલયના પરિપત્રાંકઃ જન/પગાર/ ડી–૨૮/૨૧૮૭૨/૨૦૧૯,તા.૨૧/૧૧/૨૦૨૯ અનુસાર આસીસ્ટન્ટ કો–ઓર્ડિનેટર (N.S.S.)નો માસિક ફિકસ પગાર રૂા.૨૪,૦૦૦/– કરવામાં આવેલ છે.

(બિડાણઃ ૧૫ )
(વહીવટી)

૨૪. **સાયન્સ** ફેકલ્ટીનાં **બાયોસાયન્સ (માઈક્રોબાયોલોજી )** વિષયમાં ડૉ.જયા એન્ડ હરીવદન શાહ ઈન્સ્ટિટ્યુટ ઓફ એપ્લાઈડ સાયન્સ, સુરત રકતદાન કેન્દ્ર એન્ડ રીસર્ચ સેન્ટર ના ઈ.ચા. આચાર્ય **ડૉ.શુકલા રિન્કુ વિશાલ** ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧). ડૉ.સંદિપ ગર્ગ,પ્રોફેસર, માઈક્રોબાયોલોજી વિભાગ, ગોવા યુનિવર્સિટી, ગોવા નો અહેવાલ હકારાત્મક છે.

(૨). ડૉ.કમલેશ.સી.પટેલ, પ્રોફેસર એન્ડ હેડ, બાયોસાયન્સ વિભાગ, એસ.પી. યુનિવર્સિટી, આણંદનો અહેવાલ હકારાત્મક છે.

(૩) માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય, જે ભલામણ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ ની સભાએ ભલામણ કરી સિન્ડિકેટ માં વિચારણા કરવા બાબત.

<u>BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧</u>

- આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ ફેકલ્ટીનાં ઝૂલોજી વિષયમાં પીએચ.ડી.નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા એમ.એસ.સી.–બાયોટેકનોલોજી (સ્વનિર્ભર અભ્યાસક્રમ) ના વ્યાખ્યાતા ડૉ.પ્રીતી શર્માની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સનો અહેવાલ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નીમાયેલ બે નિર્ણાયકોના (ડૉ.અશોક કુમાર– યુનિવર્સિટી ઓફ રાજસ્થાન, જયપુર અને ડૉ. એમ.વી.રાવ– ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) હકારાત્મક અહેવાલનો સ્વીકાર કરી માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

  વધુમાં ઠરાવવામાં આવે છે કે, હવે પછીથી તમામ કેસોમાં જો બંને રેફરીના અહેવાલો હકારાત્મક હોય તો મંજૂરીની સતા માનનીય કુલપતિશ્રીને આપવી અને બી.યુ.ટી. રજૂ કરવું નહી.

**<u>એકેડેમિક કાઉન્સિલના તા.૨૫–૨૬/૬/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક (૫૧)</u>**

આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીના બાયોસાયન્સ (માઈક્રોબાોલોજી ) વિષયમાં ડૉ. શુકલા રિન્કુ વિશાલ ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**(અનુસ્નાતક)**

૨૫. બાયોઈર્ન્ફોર્મેટીકસ વિષય ( કોમપ્યુટર સાયન્સ એન્ડ ઈનફરમેશન ટેકનોલોજી વિદ્યાશાખા)માં પીએચ.ડી. સંશાધન અભ્યાસ સફળતા પૂર્વક પાસ કરનાર સંશોધનાર્થી મુર્તાઝા હજૂરી ધ્વારા તા.૧૭/૧૨/૨૦૨૦ની અરજીથી પીએચ.ડી. સંશોધન અભ્યાસની ડીગ્રી બાયોસાયન્સ વિષય તરીકે આપવા વિનંતી કરેલ છે. અરજીકર્તાને પીએચ.ડી. સંશોધન અભ્યાસ બાયોસાયન્સ વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિની ભલામણને અનુસ્નાતક શિક્ષણ મંડળની સભાએ આપેલ મંજૂરી મુજબ સંશોધન અભ્યાસ બાયોઈર્ન્ફોર્મેટીકસ વિષયમાં પ્રવેશ ફાળવણી થયેલ હતી. સંશોધનાર્થી ધ્વારા તા.૨૪/૦૬/૨૦૧૬ના રોજ સિનોપ્સીસ જમા કરાવ્યા બાદ થીસીસ જમા કરાવેલ છે. થીસીસના મુલ્યાંકન બાદ મુજબ સંશોધન અભ્યાસ તા.૧૬, એપ્રિલ ૨૦૧૯ના રોજ સફળતા પૂર્વક પાસ કરેલ છે. સંશોધનાર્થી ધ્વારા થીસીસ તા.૨૭/૧૨/૨૦૧૬ના રોજ મૂલ્યાંકન માટે જમા કરાવ્યા બાદ તા.૨૧/૦૨/૨૦૧૭ના રોજ માર્ગદર્શક શિક્ષકની નોંધ સાથે બાયોઈર્ન્ફોર્મેટીકસ વિષયના સ્થાને બાયોસાયન્સ વિષયમાં વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ સંશોધન અભ્યાસની મંજૂરી આપવા વિનંતી કરેલ હતી. સંશોધનાર્થીની વિનંતી બાબતે બાયોસાયન્સ વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિના કો–ચેરમેન ની ભલામણ અને ચેરમેનશ્રીની ભલામણ ધ્યાને લઈ માન.કુલપતિશ્રીના ધ્વારા સંશોધનાર્થી વિનંતી BUT સમક્ષ રજૂ કરતા BUT ધ્વારા નીચે મુજબ ઠરાવ સાથે વિનંતી સ્વીકારેલ ન હોય અરજીકર્તા ધ્વારા પીએચ.ડી. સંશોધન અભ્યાસના બાયોઈર્ન્ફોર્મેટીકસનો વિષય બદલી બાયોસાયન્સ વિષય વિજ્ઞાન વિદ્યાશાખા અંતર્ગત પીએચ.ડી. નોટીફીકેશન (ડીગ્રી) જાહેર કરવા ફરીથી અરજી કરેલ છે. જે વિનંતી નીચે મુજબની પ્રવેશ અને તે બાદની કાર્યવાહી ધ્યાને લઈ સંશોધનાર્થીની વિનંતી સ્વીકારવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા.૨૫–૨૬/૦૬/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ ૫ અન્વયે સિન્ડિકેટને ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>બાયોસાયન્સ વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિની પ્રવેશ ભલામણ</u>

સંશોધનાર્થીના પ્રવેશના વિષય અને વિદ્યાશાખા બાબતે બાયોસાયન્સ વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિ ધ્વારા બાયોઈનફરમેટીક વિષય હોવાથી અનુસ્નાતક શિક્ષણ મંડળની સભા સમક્ષ રજૂ કરવા ભલામણ કરેલ છે.

<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૦૯/૦૫/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક (૪૪)</u>

: : આથી ઠરાવવામાં આવે છે કે, બાયોસાયન્સ વિષયની ડી.આર.એસ.સી.ની ભલામણનો સ્વીકાર કરવો તથા ઉપરોકત વિદ્યાર્થીના પીએચ.ડી.નું રજીસ્ટ્રેશન નવનિયુકત કોમ્પ્યુટર સાયન્સ વિદ્યાશાખામાં કરવુ.

<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૩/૦૩/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક (૧૮)</u>

: : આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. સંશોધનન અભ્યાસમાં કોમપ્યુટર સાયન્સ એન્ડ ઈનફરમેશન ટેકનોલોજી વિદ્યાશાખાના બાયેઈનફમેટીકસ વિષયમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં નોંધણી કરાવેલ સંશોધનાર્થી (૧) હજુરી મુર્તઝ અબ્બાસભાઈ અને (૨) રચ મૌલિક હર્ષદભાઈ ધ્વારા તેમની સિનોપ્સીસ અને થીસીસ મુલ્યાંકન માટે જમા કરાવ્યા બાદ સંશોધનાર્થી ધ્વારા તેમના માર્ગદર્શકશ્રીની ભલામણ સાથે સંશોધન અભ્યાસ વિજ્ઞાન વિદ્યાશાખાના બાયોસાયન્સ વિષયમાં કરવાની વિનંતી કરેલ હોય જે વિનંતી ગ્રાહય રાખવી નહી.

<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૦/૦૬/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક (૪)</u>

: : આથી ઠરાવવામાં આવે છે કે, (૧) હજુરી મુર્તઝ અબ્બાસભાઈ અને (૨) રચ મૌલિક હર્ષદભાઈ ની તા.૧૭/૧૨/૨૦૨૦ ની અરજી અવલોકને લઈ તેઓને આપવામાં આવેલ બાયોઈન્ફોમેટીકસ (કોમ્પ્યુટર સાયન્સ અને ઈન્ફોરમેશન ટેકનોલોજી) નું નોટીફીકેશન તથા પદવીમાં સુધારો કરી વિજ્ઞાન વિદ્યાશાખાના બાયોસાયન્સ વિષયમાં નોટીફીકેશન તથા પદવી આપવા એકેડેમિક કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે.

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક (૫)</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૦/૦૬/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક :૪ નો યથાવત્ સ્વીકાર કરી તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(બિડાણ : ૧૬ )
(અનુસ્નાતક)

**માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

૨૬. વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટીના આર્કિટેકચર ડિપાર્ટમેન્ટ ધ્વારા આયોજીત નાશા ( નેશનલ એસોસીયએશન ઓફ સ્ટુડન્ટ) કાર્યક્રમમાં ડેકરોશન અને અન્ય સર્વિસ વ્યવસ્થા પંકજભાઈ પટેલ ફોર પરછાઈ એકઝીબીટર્સ ધ્વારા કરવામાં આવેલ, જે અંગે તેઓના બાકી લેણાં અંગેના વિવાદ/મતભેદ થતાં શ્રી પંકજભાઈ જે. પટેલ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સિવિલ એપ્લીકેશન નં–૧૦૭૮૨/ ૨૦૨૦ દાખલ કરેલ હતી.નામદાર હાઈકોર્ટના તા.૩૦/૯/૨૦૨૦ના ઓર્ડર/હુકમ મુજબ સદર કાર્યવાહી સિન્ડિકેટમાં નિર્ણય થયા મુજબ ૧ મહિનામાં કાર્યવાહી પૂર્ણ કરવાનું જણાવી સદર પીટીશનનો નિકાલ કરેલ હતો. પ્રસ્તુત બાબતે અરજદાર ધ્વારા ફરી નામદાર હાઈકોર્ટમાં મિકક્ષ સિવિલ એપ્લીકેશન નં.૩૨૭/ ૨૦૨૧ દાખલ કરવામાં આવેલ છે. પ્રસ્તુત પીટીશનની આગામી મુદ્દત તા.૧૩/૦૭/૨૦૨૧ના રોજ હોય માન.કુલપતિશ્રી ધ્વારા એડવોકેટશ્રી તારકભાઈ દામાણીને રોકવામાં આવેલ છે. જે માન.કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

નોંધ– પ્રસ્તુત મિકક્ષ સિવિલ એપ્લીકેશન નં. ૩૨૭/૨૦૨૧ની નકલ અત્રેના કાર્યાલયને મળેલ નથી.

(બિડાણ : ૧૭)
(લીગલ સેલ)

૨૭. **સરકારી વિનયન કોલેજ, ઉચ્છલના** આચાર્યશ્રીએ તેના તા.૨૯–૦૬–૨૦૨૧નો(૧) પત્ર ક્રમાંક : સવિકો/નવા પી.જી. અભ્યાસક્રમ/૨૦૨૧/૧૭૫ અને (૨) પત્ર ક્રમાંક : સવિકો/નવા પી.જી. અભ્યાસક્રમ/૨૦૨૧/૧૭૯ થી **M.A.-(History) અનુસ્નાતક અભ્યાસક્રમના અનુસ્નાતક કેન્દ્રના નવા જોડાણની અરજી** કરેલ હતી. તે જોડાણ અરજીને સિન્ડિકેટની તા.૨૧–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૮) અન્વયે ઠરાવ્યાનુસાર કોરોના મહામારીનેક કારણે ઉદ્ભવેલી પરિસ્થિતિને કારણે નવી કોલજો શરૂ કરાવા માટે કોલેજ દ્વારા શરૂ કરવામાં આવનાર નવા અભ્યાસક્રમો માટે જોડાણ મેળવવા માટે સંસ્થાઓ તા.૦૧–૦૭–૨૦૨૧ સુધીમાં લેઈટ ફી સાથે જોડાણ અરજી સ્વીકારવા અંગેનો સિન્ડિકેટ વિભાગનો તા.૨૧–૦૬–૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક :એસ–એ (જોડાણ અરજી) (૨૧)/૮૫૬૧ અંતર્ગત માન. કુલપતિશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયની તા.૩૦–૦૬–૨૦૨૧ની નોંધ અન્વયે સ્વીકારી, સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯) અન્વયે માન.કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માન.કુલપતિશ્રીએ સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક કરેલ છે. જેની નોંધ લેવા બાબત....

(સિન્ડિકેટ)

૨૮. **સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સોનગઢના** આચાર્યશ્રીએ તેના તા.૩૦–૦૬–૨૦૨૧ના (૧) પત્ર ક્રમાંક : પીજી/૩૦૨/૨૦૨૧ અને (૨) પત્ર ક્રમાંક : પીજી/૩૦૩–૩૦૫/૨૦૨૧ થી **M.Com.-(Accountancy) અનુસ્નાતક અભ્યાસક્રમના અનુસ્નાતક કેન્દ્રના નવા જોડાણની અરજી** કરેલ હતી. તે જોડાણ અરજીને સિન્ડિકેટની તા.૨૧–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૮) અન્વયે ઠરાવ્યાનુસાર કોરોના મહામારીનેક કારણે ઉદ્ભવેલી પરિસ્થિતિને કારણે નવી કોલજો શરૂ કરાવા માટે કોલેજ દ્વારા શરૂ કરવામાં આવનાર નવા અભ્યાસક્રમો માટે જોડાણ મેળવવા માટે સંસ્થાઓ તા.૦૧–૦૭–૨૦૨૧ સુધીમાં લેઈટ ફી સાથે જોડાણ અરજી સ્વીકારવા અંગેનો સિન્ડિકેટ વિભાગનો તા.૨૧–૦૬–૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક :એસ–એ (જોડાણ અરજી) (૨૧)/ ૮૫૬૧ અંતર્ગત માન.કુલપતિશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયની તા.૩૦–૦૬–૨૦૨૧ની નોંધ અન્વયે સ્વીકારી, સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯) અન્વયે માન.કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માન.કુલપતિશ્રીએ સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક કરેલ છે. જેની નોંધ લેવા બાબત....

(સિન્ડિકેટ)

૨૯. **અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/ ૯૩૪૩/૨૦૨૧
તા.૦૩ –૦૭–૨૦૨૧

**Sd/-**
**ઈ.ચા.કુલસચિવ**

પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**